Extra No. 338

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, DECEMBER 11, 2025 / AGRAHAYANA 20, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ડિસેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૨૧મી જૂન, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૨૦૫/યુડીયુએચડી/એમઈએ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૨૩૬૪/એમ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Delimitation of Wards and Allocation of Reserved Seats in Municipal Borough Rules, 1994.

મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જૂન, ૨૦૨૫

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક: કેવી/૨૦૨૫નો ૨૦૫/યુડીયુએચડી/એમઈએ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૨૩૬૪/એમ: ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)થી ફરમાવ્યા પ્રમાણે, અમુક નિયમોનો મુસદ્દો, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૫મી મે, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેવી-૨૦૨૫નો ૧૫૬/યુડીયુએચડી/એમઈએ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૨૩૬૪/એમ. હેઠળ તારીખ: ૫મી મે, ૨૦૨૫ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ ૧-એ-માં, પાના ૪૧-૧ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓ પાસેથી, સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ચૌદ દિવસની મુદતની અંદર વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં કોઈપણ વાંધો અથવા સૂચન મળેલ નથી;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમો ૬ અને ૭ સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪માં, નિયમ ૭-ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

“૭. અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકો, વ્યવહાર્ય હોય ત્યાં સુધી, યોજાયેલી છેલ્લી સામાન્ય ચૂંટણીની તારીખથી દર પાંચ વર્ષે, એક સામાન્ય ચૂંટણીથી બીજી સામાન્ય ચૂંટણીમાં, વોર્ડો વચ્ચે વારાફરતી ફાળવી શકાશે.”.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મનીષ સી. શાહ,

સરકારના નાયબ સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.12.19 08:41:38 IST